અપીલ અરજી નં.૨૮૮ તા.૧૫–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ગુલામકાદર ગુલામ મોહંમદ શેખ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામકાદર ગુલામ મોહંમદ શેખનીતા.૩–૧૧–૧૦ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ ચોયાર્સી સબ શહેર સુરતના વધારાના વિસ્તાર મોજે લીંબાયતમાં આવેલ સર્વે નં.૪૧/૨ થી નોંધાયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૯૭,૯૮ પૈકી પ્લોટ નં.૯૭ની ઉત્તરે આપેલ માર્જીનની જગ્યા ઉપર બાંધકામ કરવામાં આવી રહયા અંગે એક લેખિત અરજી તા.૨૭–૭–૧૦ તથા તા.૫–૧૦–૧૦ ના રોજ આપવામાં આવેલ તેમ છતાં કોઈ પગલા લેવામાં આવેલ છે કે કેમ? તેની વિગત તથા સદર મિલ્કતનો પ્લાન પાસ કરાવવામાં આવેલ હોય તો રજાચિઠ્ઠી નંબર અને નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૫–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૮/૨૦૧૦–૧૧

શ્રી ગુલામકાદર ગુલામ મોહંમદ શેખનીતા.૩–૧૧–૧૦ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ ચોયાર્સી સબ શહેર સુરતના વધારાના વિસ્તાર મોજે લીંબાયતમાં આવેલ સર્વે નં.૪૧/૨ થી નોંધાયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૯૭,૯૮ પૈકી પ્લોટ નં.૯૭ની ઉત્તરે આપેલ માર્જીનની જગ્યા ઉપર બાંધકામ કરવામાં આવી રહયા અંગે એક લેખિત અરજી તા.૨૭–૭–૧૦ તથા તા.૫–૧૦–૧૦ ના રોજ આપવામાં આવેલ તેમ છતાં કોઈ પગલા લેવામાં આવેલ છે કે કેમ? તેની વિગત તથા સદર મિલ્કતનો પ્લાન પાસ કરાવવામાં આવેલ હોય તો રજાચિઠ્ઠી નંબર અને નકલની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા જણાવવા તથા અરજદારે આપેલ તા.૨૭–૭–૧૦ તથા તા.૫–૧૦–૧૦ ની અરજીની નકલ મોકલી આપવા પત્ર ન.આરટીઆઈ સેલ/૧૦૮૮ તા.૨૪–૧૨–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ અરજી પૈકી કઈ માહિતી મળી નથી તે જણાવવા તથા અપીલના સંદર્ભે તા.૨૭–૭–૧૦ અને તા.૫–૧૦–૧૦ ની અરજીની નકલો મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૫–૧૦–૧૦ તથા તા.૨૭–૭–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૩–૧૧–૧૦ ની અરજીથી .જેમાં સુરત ડીસ્ટ્રીકટ ચોયાર્સી સબ શહેર સુરતના વધારાના વિસ્તાર મોજે લીંબાયતમાં આવેલ સર્વે નં.૪૧/૨ થી નોંધાયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૯૭,૯૮ પૈકી પ્લોટ નં.૯૭ની ઉત્તરે આપેલ માર્જીનની જગ્યા ઉપર બાંધકામ કરવામાં આવી રહયા અંગે એક લેખિત અરજી તા.૨૭–૭–૧૦ તથા તા.૫–૧૦–૧૦ ના રોજ આપવામાં આવેલ તેમ છતાં કોઈ પગલા લેવામાં આવેલ છે કે કેમ? તેમ છતાં કોઈ પણ જાતના પગલા લેવામાં આવેલ નહીં અને ત્યાર પછી પણ અમો ફરીયાદી ધ્વારા વખતો વખત ફરીયાદ કરવામાં આવેલ તો આજ દિન સુધી કઈ રીતના પગલા લેવામાં આવેલ છે કે કેમ તેની વિગત તથા સદર મિલ્કતનો પ્લાન પાસ કરાવવામાં આવેલ હોય તો રજાચિઠ્ઠી નંબર અને નકલની માહિતી માંગતી અરજી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૨૦૯ તા.૧૦–૧૨–૧૦ થી નિયત સમય અવધિ બાદ "મોજે લીંબાયત સર્વે નં.૪૧/૨ વાળી મિલકતનો કોઈ લે આઉટ લીંબાયતઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ જોતાં સુ.મ.ન.પા. ધ્વારા મંજુર થયેલ નથી. સમગ્ર વસાહતના જુના સમયથી હયાતી ધરાવે છે. જેમાં સ્થળે આવેલ પ્લોટ નં.૯૭–૯૮ ની ઉત્તરે ૯૭/એ વાળી જુની હયાત મિલ્કતને સ્થાને પ્લોટના માલિક/કબ્જેદાર ધ્વારા પાકુ બાંધકામ કરવામાં આવેલ છે જે ધ્યાને લઈ પ્લોટના માલિક/ કબ્જેદારને લીંબાયતઝોન કક્ષાએથી કારણદર્શક નોટીસ પાઠવીને કાયદેસરની કાર્યવાહી કરી હાથ ધરવામાં આવેલ છે " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેના સંદર્ભેઅત્રેથી પત્ર નં.૧૦૮૮ તા.૨૪–૧૨–૧૦ થી જાહેર માહિતી અધિકારી તથા અરજદાર પાસેથી વિગતો માંગવામાં આવેલ. જેના સંદર્ભે અરદારે તા.૫–૧૦–૧૦ ની અરજી તથા તા.૨૭–૧૦–૧૦ ની અરજી સુમપાના જુદા જુદા અધિકારી/પદાધિકારીઓને સદર મિલ્કત બાબતે ગેરકાયદેસર બાંધકામ બાબતે કાર્યવાહીની રજૂઆત કરેલ છે. આમ અરજદારની મુળ રજૂઆત કાર્યવાહીને લગતી છે. જે બાબતે અત્રેથી કાર્યવાહીને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તા સીટી ઈજનેરશ્રી લીંબાયતઝોનને નકલસહ પત્ર પાઠવેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.(૧) સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ –ડીસ્ટ્રીકટ શહેર સુરતના વધારા વિસ્તાર મોજે લીંબાયતમાં આવેલ સ. નં. ૪૧/૨ થી નોંધાયેલી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૯૭/એ વાળી મિલ્કત કે નંબર ઓર્ગેનાઈઝરે પાછળથી

બનાવટી બોગસ નંબર પાડી કે જે નંબર શાસ્ત્રી ચોકના લે–આઉટ પ્લાનમાં માર્જીનની જગ્યા તથા સરેઆમ રસ્તો બતાવવામાં આવેલ તેને ખોટી રીતે નંબર પાડી અને માર્જીનની જગ્યા તથા કોમન રસ્તા પર પ્લોટ પાડી વેચી સસ્તા ભાવે સદર કામના સામાવાળા નંબર ૩ ને સદર કામના સામાવાળા નંબર ૪ ના મર્હુમ પિતાએ વેચેલ અને ત્યાર બાદથી સદર જગ્યા પર કોઈ બાંધકામ ચાલી આવેલ નહીં અને મજકુર હમારા પ્લોટને લાગુ ૭ ફુટની માર્જીનની જગ્યા છોડી જાહેર સરેઆમ રસ્તો ચાલી આવેલ છે અને સુમપા ધ્વારા જમીન પર બાલવાડીનું બાંધકામ કરવામાં આવેલ તેમાં પણ લાગુ પ્લોટ નં.૧૪૪ થી ૭ ફુટ માર્જીનની જગ્યા છોડીને બાંધકામ કરવામાં આવેલ.. અપીલના મુદ્દા નં.(૨) અપીલ અરજીમાં જણાવેલ સામાવાળા નંબર ૩ તરફથી મજકુર વિવાદિત જગ્યા પર બાંધકામ કરવામાં આવતા અરજદાર તરફથી તા.૫–૧૦–૧૦ ના રોજ ગેરકાયદેસર બાંધકામ વિરુધ્ધ અરજી કરવામાં આવેલ. જે અંગે સુમપાના તરફથી મજુકર જગ્યા પર બાંધવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ તા.૧૮–૬–૧૦ ના રોજ તોડી પાડેલ. અપીલના મુદ્દા નં.(૩) તા.૨૫–૧૦–૧૦ ના અરસામાં બાંધકામ કરવામાં આવતાં જે બાબતે તા.૨૭–૭–૧૦ અને તા.૫–૧૦–૧૦ ના રોજ જુદા જુદા અધિકારીઓ/પદાધિકારીઓને અરજી કરેલ. જે અંગે આજ દિન સુધી કોઈ પગલા લેવામાં આવેલ નથી અપીલના મુદ્દા નં. (૪) જેમાં અરજદારે પ્લોટ નં.૯૭ ને લાગુ માર્જીનની ૪૦ ફુટ નો સરેઆમ રસ્તો હોવા છતાં ગેરકાયદેસર બાંધકામ કરેલ છે. જેમાં અરજદારે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડતા નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે તા.૩–૧૧–૧૦ ના રોજ રજાચિઠ્ઠી તથા પ્લાનની નકલ પણ માંગેલ. જેમાં અરજદારે તા.૧૮–૬–૧૦ ના રોજ તોડી પાડેલા બાંધકામ નો રેકર્ડ લીંબાયતઝોનના રેકર્ડ પર છે. તેવી રજૂઆત કરેલ છે તેમજ અમારી પાસે પણ મિલ્કતના અગાઉના બાંધકામના ફોટા છે. તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.(૫) સોસા.ના લેઆઉટ પ્લાનમાં કોઈ પણ જગ્યા પર ૯૭/એ વાળો પ્લોટનું કોઈ અસ્તિત્વ નથી અને જે જગ્યા પર સામાવાળા ધ્વારા બાંધકામ કરવામાં આવેલ તે જગ્યાનો લેઆઉટ પ્લાન જોતાં ઉત્તર બાજુએ ૭ ફુટની માર્જીનની જગ્યા છોડી જાહેર સરેઆમ રસ્તો ચાલી આવેલ છે તેમ છતાં ત્યાં ગેરકાયદેસર બાંધકામ કરી દીધેલ છે. જે અંગે અમે માહિતી અધિકાર હેઠળ માહિતી માંગવામાં આવેલ છે તેવી કોઈ માહિતી આપવામાં આવેલ નથી. જેનાથી અમે નાખુશ થઈ અપીલ અરજી કરેલ છે. અપીલના મુદ્દા નં.(૬) અમારી વારંવાર ફરીયાદ અંગે કોઈ પગલા લેવાયા નથી જેથી અમો નામદાર હાઈકોર્ટમાં લાગતા વળગતા સામે કોન્સ્ટીટયુશનના આર્ટીકલ–૨૨૬ મુજબ પીઆઈએલ કરવાનું વિચારી રહયા છીએ. આમ અરજદારની મુળ ફરીયાદ જે સોસા.ના પ્લાનમાં કોઈ પણ જગ્યાએ ૯૭/એ વાળા પ્લોટનું અસ્તિત્વ નથી તેવું જણાવી પ્લોટ નં.૯૭/એ ની ઉત્તર બાજુએ ૭ ફુટની માર્જીનવાળી જગ્યા ઉપર ગેરકાયદેસર બાંધકામ અને અરજી બાબતેની કાર્યવાહીને લગતી છે. તથા તા.૧૮–૬–૧૦ ની તોડી પાડેલ રેકર્ડની માહિતી બાબતે છે. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં લે આઉટ પ્લાનના રેકર્ડ જોતાં મંજુર થયેલ નથી. તેમજ ગેરકાયદેસર બાંધકામ બાબતે કારણદર્શક નોટીસ પાઠવી કાયદેસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ છે. તેમજ અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૮ તા.૨૪–૧૨–૧૦ થી કાર્યવાહીને લગતો પત્ર લીંબાયતઝોન ખાતે નકલસહ પાઠવેલ.

આમ અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ છે પરંતુ અરજદારે પ્રત્યુત્તર સામે અગાઉ બાંધકામ તોડેલ હોવાનું જણાવી અપીલ તબકકે વિવાદ ઉપસ્થિત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે પૂરી પડાયેલ જણાય છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો ઉપસ્થિત કરેલ વિવાદ અંગે બાબત હેઠળના દફતરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી કરવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે વિના મૂલ્યે તપાસણી પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયત ઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ગુલામકાદર ગુલામ મોહંમદ શેખ,